# શ્રી મોટાથરાવડા પ્રાથમિક શાળા

## તાલુકો:ભુજ, જિલ્લો:કચ્છ.



October 16, 2015

# બાળમેળો – ૨૦૨૧

## ૩૦/૧૨/૨૦૨૧

॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥

204010510901

Email :motatharavdaschool@gmail.com

Web: www.tharavdamotaschool.blogspot.com

# બાળમેળા-૨૦૨૧ અહેવાલ

---

પ્રતિ,

શ્રી પ્રાચાર્ય સાહેબ,
શ્રી જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
ભુજ (કચ્છ), ૩૭૦૦૦૧.

બાળમેળા – ૨૦૨૧ ની ઉજવણી કર્યા અંગે.

October 16, 2015

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાને આપ સાહેબશ્રી ને લખી જણાવવાનું કે તારીખ: 30/૧૨/૨૦૨૧ના રોજ અમારી શ્રી મોટા થરાવડા પ્રાથમિક શાળામાં જિલ્લા શિક્ષણ સમિતિ ભુજ કચ્છ ખાતે બાળમેળો-૨૦૨૧ની હર્ષભેર ઉજવણી કરવામાં આવી. આ વખતના આ બાળમેળો-૨૦૨૧ની ઉજવણી કોવિડ-૧૯ ગાઈડલાઇન્સ મુજબ બાળમેળોમાં કોવિડ-૧૯ ગાઈડલાઇન્સનું ચુસ્ત પાલન કરવામાં આવ્યું હતું.જેમાં સૌ ઉત્સાહથી ભાગ લીધો હતો. બાળમેળાના દિવસે સૌ સમયસર ઉપસ્થિત રહેલ. જેમાં બાળકો શિક્ષક ગણ વાલીગણ શાળાની એસએમસીના મોટાભાગના સભ્યો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહેલ. બાળ મેળાને ખુલ્લો મુકતા પહેલા માં સરસ્વતીની આરાધના કરવામાં આવી. ત્યારબાદ શાળાના એસએમસીના અધ્યક્ષ કેવર ફકીરમામદ આમદ ના વરદ હસ્તે રીબીન કાપી અને બાળમેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. તેમની સાથે ગામના અગ્રણી શ્રી અનવરભાઇ કેવળ તથા તેમ શાળા સ્ટાફ તથા શાળાના બાળકો તેમજ ગ્રામજનો પણ જોડાયા હતા.

બાળમેળાના દિવસે સૌપ્રથમ શાળાના બાળકોના પ્રવૃત્તિ વાઈઝ વિવિધ ગ્રુપ બનાવવામાં આવ્યા. દરેક જૂથને અલગ અલગ પ્રવૃત્તિમાં પોતાના રસ પ્રમાણે વહેંચણી કરી હતી. વિવિધ પ્રવૃત્તિમાં ભરતગુંથણ માટીકામ રંગપૂરણી ચિત્રકામ ચીટકકામ આપ કામ કરતા. તેમજ ગણિત

શિક્ષણ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળમેળાના દિવસે 2

દરેક બાળકોએ પોતપોતાની પ્રવૃત્તિઓમાં રસપૂર્વક તેમાં ધ્યાનથી પોત પોતાની કૃતિઓ બનાવી હતી. જેમાંથી સરસ મજાની અલગ અલગ રંગ બિરંગી કૃતિઓ તૈયાર થઈ હતી. આ દરમિયાન આખો દિવસ ગ્રામજનોનો પ્રવાહ અવિરત પણે બાળ મેળો નિહાળવા ચાલુ જ રહ્યો હતો. પોતાના બાળકોને પ્રવૃત્તિઓ કરતા તેમજ તેમને બનાવેલ વિવિધ કૃતિઓ જોઈ તેઓ પણ હર્ષ ઘેલા બન્યા હતા. અને શાળાના શિક્ષકો તેમજ બાળકોને બિરદાવ્યા હતા. આમ શ્રી મોટા થરાવડા પ્રાથમિક શાળામાં બાળમેળો ૨૦૨૧ની આનંદપૂર્વક ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌ બાળકોએ પોતાના અનુભવો અને વિચારો રજૂ કર્યા હતા. તેમજ શાળાના મદદનીશ શિક્ષિક શ્રી આર.એમ ચૌધરી, આભારવિધિ કરી હતી. ત્યારબાદ ગ્રામજનો દ્વારા મળેલ પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. તે સાથે જ કાર્યક્રમની પૂર્ણ જાહેર કરી સૌ શાળાના પટાંગણ માંથી હર્ષ ઉલ્લાસ સાથે છુટા પડયા હતા.

October 16, 2015



લીલોતરીની ચાદર ઓઢને આછા-પાતળા તડકાના કિરણોનો તાજ પહેરી, પ્રકૃતિના ખોળે સુંદર ઝરણાં અને દરિયાઈ મિત્રતા સાથે રમત-રમત વલસાડ જિલ્લાને મન મુકીને કુદરતે સૌંદર્ય બક્ષ્યુ છે જેની ચારેય દિશાઓ ઝગમગતા તારલાની જેમ વન વિસ્તારની શણગાર સજેલી સ્ત્રીની જેમ શોભતી હોય તેવા આપણા વલસાડ જિલ્લાની લોકબોલી અને સંસ્કૃતિની આછી ઝલક તો નિહાળી.....

પણ, કુદરતનાં જ બીજા સ્વરૂપ 'બાળક'ના આનંદ અને વિકાસની વાતોને પ્રગતિના પંથે દોરવાનું આગોતરું પગલું એટલે બાળમેળો.

'બાળમેળો' એ શબ્દ આજે ગુજરાતની ગલીએ ગલીએ આવેલી પ્રાથમિક શાળાના બાળકો માટે જાણે આનંદદાયી અને પ્રકૃતિમય શિક્ષણનો પર્યાય બની ગયો છે.

બાળકના શારીરિક અને માનસિક વિકાસનું જેટલું મહત્વ છે તેથી વિશેષ મહત્વ છે તેના જીવનના વિકાસનું જીવનના વિકાસની કેળવણી માટેના ઉત્તમ માધ્યમો છે જીવન કૌશલ્યો...

બાળકમાં રહેલી શક્તિઓને પારખવાનું અને તેના ધ્વારા જીવનના ઉત્તમ વિકાસ માટે પુરતી તક પૂરી પાડવાનું ઉત્તમ સ્થાન એટલે જીવન કૌશલ્ય આધારિત બાળમેળો

October 16, 2015

જીવન કૌશલ્ય શિક્ષણ એટલે જીવનમાં આગળ વધવા માટે સફળ, સુખમય, શાંતિમય, અને સ્વસ્થ જીવન ઘડતર માટે અને સતત વિકાસશીલ રહેવા માટે જરૂરી એવા કૌશલ્યો જીવન શૈલીમાં ઉતારતું શિક્ષણ...

જીવન કૌશલ્યો એટલે એવા કૌશલ્યો કે બાળકમાં રહેલી શક્તિઓ, આવડતો કે જે બાળકને રોજિંદા જીવનના પડકારો હકારાત્મકતાથી ઝીલવા અને દૈનિક જીવનની જરૂરીયાતોને કુશળતાપૂર્વક પૂર્ણ કરવા માટે સક્ષમ બનાવે છે.

વિચાર કરીએ......
વિકાસ કરીએ.....
કૌશલ્યો ઓળખી.....
બાળકને કંચન કરીએ...



## પ્રસ્તાવના :-

**"હર રુહ સે નિકલતી હૈ હવા અપને પૈગામ લેકર**
**મૈં અદબ કરતાં હું, ઈજ્જત કરતા હું,**
**યહીં મૌજૂદ હર ચહેરે કો અપને લાખ સલામ દેકર"**

પથ્થર યુગનાં માનવીથી શરૂ કરી મહામાનવ બનવા પ્રયત્ન કરતાં આજનાં આધુનિક યુગના મનુષ્યનાં ઈતિહાસ તરફ દ્રષ્ટિપાત કરતાં એક હકીકત સ્પષ્ટ થાય છે કે પ્રાચીન યુગમાં બળદગાડામાં મુસાફરી કરતો માણસ આજે હવાઈ સફર કરતો થયો છે. તૂટ્યા-ફૂટ્યા ઝૂંપડાઓમાં રહેતો માનવી આજે મહેલોમાં રાચતો થયો છે. પ્રાચીન કાળમાં કાચું માંસ ખાતો માનવી આજે બત્રીસ પકવાન જમતો થયો છે. વૃક્ષની છાલ અને પાંદડા પહેરતો માનવી આજે પશ્ચિમી સંસ્કૃતિનાં જીન્સ પહેરતો થયો છે.કાળામાથાના માનવીએ આટ-આટલી પ્રગતિઓ કરી તેમ છતાં આજે એને માણસ બનવા માટે શાળાઓનાં શરણાર્થી થવું પડ્યું છે.

October 16, 2015

કોલક નદીનાં ઉદ્દગમ સ્થાન એવા કપરાડા વિસ્તારથી, ધરમપુરનાં ડુંગરો ઓળંગતા ઓળંગતા પારડીના પગથિયા ચડીને પારસીઓના પ્રારંભ સ્થાન એવા સંજાણ-ઉમરગામ વિસ્તારનાં યોગ્યતા બતાવતી એવી વિવિધ પ્રવૃતિઓનું સંકલન કરીને બાળમેળા તેમજ જીવન કૌશલ્યનાં જી.સી.આર.ટી નાં વિચારને પ્રાધાન્ય આપતું બાળકોનાં જીવનને ખુશીઓથી ભરી દે તેવું અદભૂત પ્રવૃતિઓનું સંકલન રજૂ કરતાં અમે સૌ હર્ષની લાગણી અનુભવીએ છીએ. એટલે જ લખવાનું મન થાય.

**" કહેવા નથી જીંદગીના ઝખમ અમે તો મનની વાત લખવા આવ્યા છીએ.**
**જોઈ હશે બધાએ અમાસની રાત પણ અમે તો પૂનમનાં ચાંદ જેવા**
**બાળમેળાની વાતને લઈએ આવ્યા છીએ."**

બાળકો સ્વયં કુદરતનું નવલું સર્જન તો છે જ સાથે-સાથે તેઓ ભરપુર સર્જનાત્મકતા અને ઉર્જાથી હર્યા-ભર્યા હોય છે. જરૂર છે માત્ર તેમની સર્જન શકિતને યોગ્ય દિશામાં વાળીને પ્રવાહિત કરવાની તથા એમની થનગનતી ઉર્જાને મોકળું મેદાન આપવાની જો આ મોકળા મેદાનમાં બાળક પા-પા પગલી ભરે તો તેની સર્જનાત્મકતા તરફ ડગ ભરવાનું શરૂ કરી દે છે. જેના ઉદેશથી ગુજરાતની સરકાર બાળાકો માટે અવનવા કાર્યક્રમો લાવે છે. જેના એક ભાગ રૂપે શાળા કક્ષાએ બાળમેળાનું પણ આયોજન કરવામાં આવે છે. જેમાં બાળકો પોતાની સુષુપ્તશકિતને બહાર લાવી શકે છે. જે દિવસે બાળક શિક્ષણ સિવાયની ઈત્તર પ્રવૃત્તિઓને મન ભરીને માણી શકે છે.



# :બાળમેળાના હેતુઓ:

- બાળકોની વિવિધ આનંદદાયી પ્રવૃત્તિ કરી મનોરંજન સાથે જ્ઞાન મેળવે.
- બાળકોની જીવન વ્યવહારમાં ઉપયોગી વિવિધ કૌશલ્યો કેળવાય બાળકોની જિજ્ઞાશા જાગૃત થાય.
- બાળકોની સામૂહિક ભાવના વિકસે બાળકોમાં સર્જનાત્મકતા અને મૌલિકતા વિકસાવી બાળકોમાં રહેલી.
- સુષુપ્ત શક્તિઓ બહાર આવે.
- વ્યવસ્થા શિસ્ત સમય પાલન ચોકસાઈ સ્વચ્છતા જેવા ગુણો વિકસે.

**બાલપ્રવૃત્તિ મેળા માટે.... પ્રથમ વિભાગ**

| ક્રમ | પ્રવૃતિઓ | સાધન સામગ્રીની યાદી |
|---|---|---|
| ૧. | **બાળ અભિનય ગીત :** (આ સિવાય પણ અભ્યાસક્રમ અધારિત અભિનય ગીત લઈ શકાશે.) | ખંજરી, ઢોલક, મંજીરા, માઈકની વ્યવસ્થા કરવી. |
| ૨. | **બાળ વાર્તા :** શિક્ષકે વાર્તાનો આદર્શ નમૂનો રજૂ કરવો. આ પરિપત્ર સાથે સામેલ વાર્તાઓ સિવાયપણ કહી શકાશે. | પ્રાણીઓના મહોરા, પંચતંત્ર, હિતોપદેશ, બાલસૃષ્ટિ વગેરે સાહિત્યનો ઉપયોગ કરવો. |
| ૩. | **એક પાત્રીય અભિનય–**<br>ધો.૧ શાકભાજીવાળો, ધો.૨ આપણા વ્યવસાયકારો પૈકી એક<br>ધો.૩ ડુગડુગીયાવાળો/દુધવાળો/ટપાલી, ધો.૪ ખાડીયો / સૈનિક<br>ધો.૫ પતંગ ઉડાડનાર / ગંગાડોશી<br>(આ સિવાય અભ્યાસક્રમ અધારિત એક પાત્રીય અભિનય કરી શકાશે.) | પાત્રને અનુલક્ષીને વેશભૂષા તૈયાર કરવી. |
| ૪. | **વકતત્વ સ્પર્ધા :** આ વિભાગમાં નીચેના જેવા વિષયો પર પાંચ–દશ વાકયો બોલવા<br>ધો.૧ મારી શાળા, ધો.૨ મારૂં કુટુંબ, ધો.૩ આજનું ગુલાબ<br>ધો.૪ અક્ષયપાત્ર, ધો.૫ રામદુકાન–પ્રામાણિક સ્ટોલ<br>(આ સિવાય પણ અભ્યાસક્રમ અધારિત વિષયો લઈ શકાશે.) | દેશ નેતાના ફોટાઓ, અન્ય જરૂરી લાગે તે... |
| ૫. | **કાવ્યગાન :** ધોરણવાર (ધો. ૧ થી ૫માં) એક કાવ્યને રજૂ કરવું. કાવ્યગાન માટે એકથી વધારે બાળકોનો સમાવેશ કરવો. | કાવ્યની ઓડિયો–વીડીયો CD નો ઉપયોગ કરીને કાવ્યના રાગ, ઢાળ શીખવવા. |
| ૬. | **સમાપન :** બાળપ્રવૃત્તિમેળાનું સમાપન એક શિક્ષક દ્વારા કરવું અને આજના કાર્યક્રમમાં ભાગ લીધેલ બાળકોને પ્રોત્સાહિત વાત કરવી. | |

October 16, 2015



॥ सा विद्या या विमुक्तये ॥

October 16, 2015

R.O

॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥


॥ सा विद्या या विमुक्तये ॥




October 16, 2015

॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥

॥ सा विद्या या विमुक्तये ॥



October 16, 2015







October 16, 2015




॥ સા વિદ્યા યા વિમુક્તયે ॥









શ્રી મોટાથરાવડા પ્રાથમિક શાળા,
તાલુકો:ભુજ, જીલ્લો:કચ્છ.
તારીખ: ૩૦/૧૨/૨૦૨૧

# બાળમેળો - ૨૦૨૧

## ❖ ખર્ચ પત્રક ❖

| ક્રમ | બીલની વિગત | રકમ | વા.નંબર | તારીખ |
|---|---|---|---|---|
| ૧. | મહેશ જનરલ સ્ટોર્સ | ૫૦૦/- | | ૩૦/૧૨/૨૦૨૧ |
| ૨. | મહેશ જનરલ સ્ટોર્સ | ૫૦૦/- | | ૩૦/૧૨/૨૦૨૧ |
| ૩. | | | | |

October 16, 2015

શ્રી મોટાથરાવડા પ્રા.શાળા,તા:ભુજ,જિ:(કચ્છ).
।। સા વિદ્યા યા વિમુક્તયે ।।

October 16, 2015

# VFEFZ

